# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૧/ 79 તારીખ: 24 SEP 2021

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

મેસર્સ પ્લાન્ટન ઇન્ડિયા લીમીટેડ,

ડી- ૯૩, ઝંડા ચોક,

ગાંધીધામ -કચ્છ - ૩૭૦૨૦૧,

મોબાઇલ નંબર:- ૯૮૭૯૨ ૦૬૮૯૫

વિષય :- કેસ નંબર પીજી ૦૪/૦૦૨/૨૦૨૦-૨૧

સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૪/૦૦૨/૨૦૨૦-૨૧

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહેનીયા)

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ–કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.

ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેકસ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮

ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com


---

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૧ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-002-2020-21

**શ્રી પ્લાસ્ટેન ઈન્ડીયા લીમીટેડ**
ગામઃ નાની ચિરાઈ,
તા.ભચાઉ – કચ્છ. ............**અરજદાર.**

**વિરધ્ધ.**

**કાર્યપાલક ઈજનેરશ્રી**
પીજીવીસીએલ વિભાગીય કચેરી,
ભચાઉ – કચ્છ. ...........**સામાવાળા.**

**બાબતઃ**– સેવામાં ખામી અંગે....

**અરજદાર તરફે તેમના પ્રતિનિધી** :– શ્રી રમેશ સી.વર્મા
**સામાવાળાના તરફે** :– શ્રી ડી.આર.ધોળકીયા,
કા.પા.ઈજનેરશ્રી,પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભચાઉ

**કોરમ : (૧) શ્રી સી.વી.ઠાકર – ચેરપર્સન**
**(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર**

**સુનાવણી સ્થળઃ** કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ, તા.૨૪–૨–૨૦૨૧ અને તાઃ૦૯/૦૭/૨૦૨૧

# ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, શ્રી પ્લાસ્ટેન ઈન્ડીયા લી. કંપની છે અને સદર કંપનીમાં સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૩૧૪૧૯ નું એચ.ટી.કેટેગરીનું ૧૮૫૦ કે.વી.નું આપવામાં આવેલ. અરજદારની રજુઆત મુજબ સદર વીજ જોડાણ તા.૨૩–૨–૨૦૦૫ ના રોજ પીજીવીસીએલ કચેરી મારફતે ૧૫૦૦ કે.વી.નું રીલીઝ કરવામાં આવેલ. ત્યારબાદ માર્ચ – ૨૦૦૬ માં અરજદાર કંપની મારફતે ૩૫૦ કે.વી.એ.લોડ વધારો કરી (૧૫૦૦+૩૫૦) કુલ ૧૮૫૦ કે.વી.લોડ કરવામાં આવેલ ત્યારે જે–તે સમયના વર્તમાન નિયમ મુજબ લોડ ડેવલપમેન્ટ ચાર્જના (૧૫૦૦+૩૫૦)× ૯૦૦ લેખે રૂા ૧૬,૬૫,૦૦૦/– ભરપાઈ કરવામાં આવેલ. અરજદારની રજુઆત મુજબ અગાઉના ગુ.વિ.બોર્ડના કોમર્શીયલ સરકયુલર નં. ૬૭૬ તા.૫–૭–૯૭ મુજબ સાત વર્ષ પુર્ણ થતા લોડ ડેવલપમેન્ટ ચાર્જ પેટે તેઓશ્રી દ્રારા ભરપાઈ કરવામાં આવેલ રકમ રૂા ૧૬,૬૫,૦૦૦/– ના ૫૦ % રૂા ૮,૩૨,૫૦૦/– પીજીવીસીએલ કંપનીએ પરત કરવાના થતા હોય છે. અરજદારની રજુઆત મુજબ સાત વર્ષ પુર્ણ થતાં લોડ ડેવલપમેન્ટ ચાર્જ પેટે રૂા ૧૬,૬૫,૦૦૦/– ના ૫૦ % લેખે રૂા ૮,૩૨,૫૦૦/– પરત (રીફંડ) અરજદાર કંપનીને મળવાપાત્ર છે જે સાત વર્ષની મુદત પુર્ણ થયેલ હોઈ અરજદારે સદર રકમ જમાં આપવા માટે પીજીવીસીએલ કંપનીને અવાર–નવાર રજુઆત કરવા છતાં રીફંડ આપવામાં આવેલ નથી. અરજદારની રજુઆત મુજબ તેઓશ્રી દ્રારા ઓરીઝનલ રસીદ ન મળતાં ઈન્ડેમનીટી બોન્ડ આપેલ તે પુરાવાને માન્ય રાખીને રૂા ૧,૫૭,૫૦૦/– સામાવાળા કચેરી તરફથી પરત આપવામાં આવેલ છે પરંતુ બાકીની રકમ પેટે ભચાઉ વિભાગીય કચેરી ખાતે વિગત મળતી ન હોવાનું કારણ દર્શાવીને પીજીવીસીએલ કંપની દ્રારા પરત આપવામાં આવેલ **ન** હોઈ અરજદારે લોડ ડેવલપમેન્ટ ચાર્જના રૂા ૬,૭૫,૦૦૦/– પરત મેળવવા બાબતે હાલની અરજી મારફતે દાદ માંગેલ છે. તેમજ તેમણે આ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી જે રજુ કરવાનું જણાવતા તેમણે આ માટે સમય માંગેલ પરંતુ તેમને પુરતો સમય અને તક આપવા છતાં તેઓએ કોઈ વિગતો/પુરાવા રજુ કરેલ નથી.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે આ કામના અરજદાર મેસર્સ પ્લાસ્ટન ઈન્ડીયા લી.ના નામે ગ્રાહક નં. ૩૧૪૧૯ નું એચ.પી.કેટેગરીનું ૧૮૫૦ કે.વી.નું ગામઃ નાની ચીરઈ–ભચાઉ વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનું વિજ જોડાણ ધરાવે છે. સદર વિજ જોડાણ તા.૨૩–૨–૨૦૦૫ ના રોજ પીજીવીસીએલ કચેરી દ્રારા ૧૫૦૦ કે.વી.એ. નું રીલીઝ કરવામાં આવેલ ત્યારબાદ માર્ચ – ૨૦૦૬ માં અરજદારની લોડ વધારાની અરજી



ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

અન્વયે ૩૫૦ કે.વી.એ.લોડ વધારો કરી (૧૫૦૦+૩૫૦) કુલ ૧૮૫૦ કે.વી.લોડ કરવામાં આવેલ.અરજદાર દ્વારા લોડ ડેવલોપમેન્ટ ચાર્જના(૧૫૦૦+૩૫૦)× ૯૦૦ લેખે રૂા ૧૬,૬૫,૦૦૦/– ભરપાઈ કરવામાં આવેલ હશે, આમ અરજદાર દ્વારા ભરપાઈ કરવામાં આવેલ રકમ રૂા ૧૬,૬૫,૦૦૦/– ના ૫૦ % લેખે રૂા ૮,૩૨,૫૦૦/– પરત (રીફંડ) મેળવવા માટે ભચાઉ વિભાગીય કચેરીને રજુઆત કરતા અરજદારના લોડ ડેવલપમેન્ટ ચાર્જની રકમ રૂા ૧૬,૬૫,૦૦૦/– ના ૫૦ % લેખે રૂા ૮,૩૨,૫૦૦/– પરત (રીફંડ) મેળવવાની અરજી અન્વયે ભચાઉ વિભાગીય કચેરીના સસ્પેન્સ રજીસ્ટરની ચકાસણી કરતા મેસર્સ ઓસ્વાલ એગ્રો ઈમ્પેક્ષ પ્રા.લી. દ્વારા ડેવલપમેન્ટ ચાર્જ તરીકે રૂા ૧,૧૫,૦૦૦/– ની રસીદ નં. ૮૭૭૭૯૭ તા.૩૧–૧–૨૦૦૬ થી ભરપાઈ કરવામાં આવેલ હોવાનું જણાયેલ. આમ અરજદારની લોડ ડેવલપમેન્ટ ચાર્જની રકમ પરત (રીફંડ) મેળવવા માટેની અરજી અન્વયે ડેવલપમેન્ટ ચાર્જ તરીકે ભરપાઈ થયેલ રકમ રૂા ૩,૧૫,૦૦૦/– ના ૫૦ % લેખે ગણતરી કરી રૂા ૧,૫૭,૫૦૦/– અરજદાર/ગ્રાહકના ફેબ્રુઆરી–૨૦૨૦ ના બિલમાં જમાં આપવામાં આવેલ છે.

૩. ભચાઉ વિભાગીય કચેરીનું અંજાર વિભાગીય કચેરીમાંથી વિભાજન વર્ષ – ૨૦૧૧ માં થયેલ છે જેથી આ પહેલાનો વર્ષ – ૨૦૧૦ નો રેકોર્ડ અંજાર વિભાગીય કચેરી પાસેથી મંગાવતા જે મુજબ ડેવલપમેન્ટ ચાર્જની રકમ અરજદાર/ગ્રાહકને જમાં આપી દીધેલ છે તેમજ તા.૧–૭–૨૦૧૦ ના રોજ અંજાર વિભાગીય કચેરી હેઠળ અરજદાર/ગ્રાહકનું નામ ઓસવાલ ઍગ્લોઈમ્પેક્ષ લી. માંથી મેસર્સ પ્લાસ્ટન ઈન્ડીયા લી. થયેલ છે જે–તે સમયે ઓસવાલ ઍગ્લોઈમ્પેક્ષ લી. દ્વારા એસ.ડી.અને ડેવલપમેન્ટ ચાર્જની બાંહેધરી આપેલ છે તેમ છતા અત્રેની કચેરી મારફતે અરજદાર/ગ્રાહકે યોગ્ય આધાર/પુરાવા રજુ કરવા માટે જાણ કરેલ હોવા છતાં કોઈપણ પુરાવા રજુ કરવામાં આવેલ નહી.આમ સદર વીજ જોડાણના લોડ ડેવલપમેન્ટ ચાર્જની રકમ પરત(રીફંડ) આપવાની અરજદારની અરજી અન્વયે ડેવલપમેન્ટ ચાર્જ મેસર્સ પ્લાસ્ટન ઈન્ડીયા લી.ને રકમ રૂા ૩,૧૫,૦૦૦/– ના ૫૦ % લેખે રૂા ૧,૫૭,૫૦૦/– અરજદાર/ગ્રાહકને ફેબ્રુઆરી – ૨૦૨૦ ના બિલમાં જમાં આપવામાં આવેલ છે. વધુમાં એવું જણાવેલ છે કે અરજદાર/ગ્રાહકને ઓસવાલ ઍગ્લોઈમ્પેક્ષ લી.ના ડેવલપેમન્ટ ચાર્જની રકમ ભરપાઈ કરેલ હોવા અંગેના આધાર/પુરાવા રજુ કરવાથી સામાવાળા કંપની મારફતે યોગ્ય કાર્યવાહી કરવાની રહે તેવું જણાવી અરજદારની અરજી ટકવાપાત્ર ન હોવાની વિગતવાર રજુઆત સામાવાળા તરફે કરવામાં આવેલ છે.

૪. અરજદારની અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા તેમજ અરજદારની મૌખીક રજુઆત સાંભળી. આ કામે સામાવાળા તરફે રજુ કરેલ જવાબ/પુરાવા તથા આધારો વંચાણે લીધા તથા સામાવાળાના અધિકારીશ્રીની મૌખીક રજુઆતો સાંભળી.

૫. આ કામે નીચેના મૂદ્દાઓ નિર્ણય લેવા માટે ઉપસ્થિત થાય છે.
(૧) શું આ કામના સામાવાળાએ અરજદારને માંગણી મુજબની રકમ રીફંડ નહીં આપી સેવામાં ખામી બતાવેલ છે ?
(૨) શું હુકમ કરવો ?
૬. ઉપરોકત મૂદ્દાનો અમારો નિર્ણય નીચે મુજબ છે.
(૧) નકારમાં
(૨) છેવટના હુકમ મુજબ.

—: કારણો :—

મુદ્દા નંબર ૧.

૭. આ કામે અરજદાર તથા સામાવાળાની રજુઆતો જોતા અરજદાર શ્રી પ્લાસ્ટેન ઈન્ડીયા લી. કંપની છે અને સદર કંપનીમાં સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૩૧૪૧૯ નું એચ.ટી.કેટેગરીનું ધરાવે છે અને સદર વીજ જોડાણ તા.૨૩–૨–૨૦૦૫ ના રોજ પીજીવીસીએલ કચેરી મારફતે ૧૫૦૦ કે.વી.નું ઓસવાલ એંગ્લોઈમ્પેક્ષ લી. ના નામે રીલીઝ કરવામાં આવેલ. ત્યારબાદ માર્ચ – ૨૦૦૬ માં સદર વિજ કનેકશન અન્વયે લોડ વધારો કરવા રજુઆત કરતા કંપની મારફતે ૩૫૦ કે.વી.એ.લોડ વધારો કરી (૧૫૦૦+૩૫૦) કુલ ૧૮૫૦ કે.વી.લોડ કરવામાં આવેલ ત્યારે જે–તે સમયના વર્તમાન નિયમ મુજબ લોડ ડેવલપમેન્ટ ચાર્જના (૧૫૦૦+૩૫૦) × ૯૦૦ લેખે રૂા ૧૬,૬૫,૦૦૦/– ભરપાઈ અરજદારની રજુઆત મુજબ કરવામાં આવેલ જે રકમ અગાઉના ગુ.વિ.બોર્ડના કોમર્શીયલ સરકયુલર નં. ૬૭૬ તા.૫–૭–૯૭ માં દર્શાવ્યા મુજબ સાત વર્ષ પુર્ણ થતા લોડ ડેવલપમેન્ટ ચાર્જ પેટે રૂા ૧૬,૬૫,૦૦૦/– ના ૫૦ % રૂા ૮,૩૨,૫૦૦/– પીજીવીસીએલ કંપનીએ પરત કરવાના હોય જે સાત વર્ષ પુર્ણ થતાં લોડ ડેવલપમેન્ટ ચાર્જ પેટે રૂા ૧૬,૬૫,૦૦૦/– ના ૫૦ % લેખે રૂા ૮,૩૨,૫૦૦/– પરત (રીફંડ) અરજદાર કંપનીને મળવાપાત્ર હોઈ સાત વર્ષની મુદત પુર્ણ થતા અરજદારે સદર રકમ જમાં આપવા માટે પીજીવીસીએલ કંપનીને અવાર–નવાર રજુઆત કરવા છતાં રીફંડ આપવામાં આવેલ નહી. વધુમાં અરજદારની રજુઆત મુજબ અરજદાર દ્વારા ઓરીઝનલ રસીદ ન મળતાં ઈન્ડેમનીટી બોન્ડ આપેલ તે પુરાવાને માન્ય રાખીને

રૂા ૧,૫૭,૫૦૦/– સામાવાળા કચેરી તરફથી પરત આપવામાં આવેલ છે પરંતુ બાકીની રકમ પેટે ભચાઉ વિભાગીય કચેરી ખાતે વિગત મળતી ન હોવાનું કારણ દર્શાવીને પીજીવીસીએલ કંપની દ્વારા પરત આપવામાં આવેલ ન હોઈ અરજદારે લોડ ડેવલપમેન્ટ ચાર્જના રૂા ૬,૭૫,૦૦૦/– પરત મેળવવા હાલ અરજી મારફતે દાદ માંગેલ. અરજદારની સદર રજુઆત સામે સામાવાળા તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, અગાઉ ઓસવાલ એંગ્લોઈમ્પેક્ષ લી. સદર વિજ કનેકશન આપવામાં આવેલ જે હાલે મેસર્સ પ્લાસ્ટન ઈન્ડીયા લી.ના નામે ગ્રાહક નં. ૩૧૪૧૯ નું એચ.પી.કેટેગરીનું ૧૫૦૦ કે.વી.એ.નું આવેલ ત્યારબાદ માર્ચ – ૨૦૦૬ માં અરજદારની લોડ વધારાની અરજી અન્વયે ૩૫૦ કે.વી.એ.લોડ વધારો કરી (૧૫૦૦+૩૫૦) કુલ ૧૮૫૦ કે.વી.લોડ કરવામાં આવેલ અને જે–તે સમયે અરજદાર દ્વારા લોડ ડેવલોપમેન્ટ ચાર્જના (૧૫૦૦+૩૫૦) × ૯૦૦ લેખે રૂા ૧૬,૬૫,૦૦૦/– ભરપાઈ કરવામાં આવેલ હોઈ રૂા ૧૬,૬૫,૦૦૦/– ના ૫૦ % લેખે રૂા ૮,૩૨,૫૦૦/– પરત (રીફંડ) મેળવવા માટે ભચાઉ વિભાગીય કચેરીને રજુઆત સદર અરજી અન્વયે ભચાઉ વિભાગીય કચેરીના સસ્પેન્સ રજીસ્ટરની ચકાસણી કરતા મેસર્સ ઓસ્વાલ એગ્રો ઈમ્પેક્ષ પ્રા.લી. દ્વારા ડેવલપમેન્ટ ચાર્જ તરીકે રૂા ૧,૧૫,૦૦૦/– ની રસીદ નં. ૮૭૭૭૯૭ તા.૩૧–૧–૨૦૦૬ થી ભરપાઈ કરવામાં આવેલ હોવાનું જણાતા ડેવલપમેન્ટ ચાર્જ તરીકે ભરપાઈ થયેલ રકમ રૂા ૩,૧૫,૦૦૦/– ના ૫૦ % લેખે ગણતરી કરી રૂા ૧,૫૭,૫૦૦/– અરજદાર/ગ્રાહકના ફેબ્રુઆરી–૨૦૨૦ ના બિલમાં જમાં આપવામાં આવેલ. વધુમાં જણાવેલ છે કે ભચાઉ વિભાગીય કચેરીનું અંજાર વિભાગીય કચેરીમાંથી વિભાજન વર્ષ – ૨૦૧૧ માં થયેલ છે જેથી આ પહેલાનો વર્ષ – ૨૦૧૦ નો રેકોર્ડ અંજાર વિભાગીય કચેરી પાસેથી મંગાવતા જે મુજબ ડેવલપમેન્ટ ચાર્જની રકમ અરજદાર/ગ્રાહકને જમાં આપી દીધેલ છે તેમજ તા.૧–૭–૨૦૧૦ ના રોજ અંજાર વિભાગીય કચેરી હેઠળ અરજદાર/ગ્રાહકનું નામ ઓસવાલ એંગ્લોઈમ્પેક્ષ લી. માંથી મેસર્સ પ્લાસ્ટન ઈન્ડીયા લી. થયેલ તે સમયે ઓસવાલ એંગ્લોઈમ્પેક્ષ લી. દ્વારા એસ.ડી.અને ડેવલપમેન્ટ ચાર્જની બાંહેધરી આપેલ છે તેમ છતા અત્રેની કચેરી મારફતે અરજદાર/ગ્રાહકે યોગ્ય આધાર/પુરાવા રજુ કરવા માટે જાણ કરેલ હોવા છતાં કોઈપણ પુરાવા રજુ કરવામાં આવેલ ન હોઈ સદર વીજ જોડાણના લોડ ડેવલપમેન્ટ ચાર્જની રકમ પરત(રીફંડ) આપવાની અરજદારની અન્વયે અરજદાર/ગ્રાહકને ઓસવાલ એંગ્લોઈમ્પેક્ષ લી.ના ડેવલપમેન્ટ ચાર્જની રકમ ભરપાઈ કરેલ હોવા અંગેના આધાર/પુરાવા રજુ કરવાથી સામાવાળા કંપની મારફતે યોગ્ય કાર્યવાહી કરવાની રહે તેવું જણાવવા છતાં આ કામના અરજદાર તરફે આ બાબતે કોઈ

ભરોષાપાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ ન હોઈ અરજદારની અરજી રદ કરવા વિગતવાર રજુઆત કરવામાં આવેલ છે.

૮. આ કામે રેકર્ડ પર રજુ થયેલ આધાર/પુરાવા જોતા અગાઉ ઓસવાલ એંગ્લોઈમ્પેક્ષ લી. વાળું કનેકશન શ્રી પ્લાસ્ટેન ઈન્ડીયા લી. કંપનીમાં સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૩૧૪૧૯ નું એચ.ટી.કેટેગરીનું અગાઉ ૧૫૦૦ કે.વી.નુ અને ત્યારબાદ ૩૫૦ કે.વી.વધારો કરતા કુલ ૧૮૫૦ કે.વી.લોડનું આવેલ અને લોડ વધારા સમયે વર્તમાન નિયમ મુજબ લોડ ડેવલપમેન્ટ ચાર્જના (૧૫૦૦+૩૫૦) × ૯૦૦ લેખે રૂા ૧૬,૬૫,૦૦૦/– અરજદારે ભરપાઈ કરવાના રહેતા હતા અને તેવી રકમ ૭ વર્ષ બાદ ૫૦ % કરમ રીફંડ મળવા અરજદારે દાદ માંગતા અને તે અન્વયે અરજદારને સદર રકમ ભરપાઈ કર્યા અંગેની ઓરીજન રસીદ રજુ કરવા જણાવતા અરજદાર દ્વારા ઓરીઝનલ રસીદ ન મળતાં ઈન્ડેમનીટી બોન્ડ આપેલ તે પુરાવાને માન્ય રાખીને રૂા ૧,૫૭,૫૦૦/– સામાવાળા કચેરી તરફથી પરત આપવામાં આવેલ છે. સામાવાળાની રજુઆત મુજબ મેસર્સ પ્લાસ્ટન ઈન્ડીયા લી.ના નામે ગ્રાહક નં. ૩૧૪૧૯ નું એચ.પી.કેટેગરીનું ૧૫૦૦ કે.વી.એ.નું રીલીઝ કરવામાં આવેલ ત્યારબાદ માર્ચ – ૨૦૦૬ માં અરજદારની લોડ વધારાની અરજી અન્વયે ૩૫૦ કે.વી.એ.લોડ વધારો કરી (૧૫૦૦+૩૫૦) કુલ ૧૮૫૦ કે.વી.લોડ કરવામાં આવેલ અને સદર ભરપાઈ કરેલ રકમ રીફંડની અરજદાર મારફતે માંગણી કરવામાં આવતા ભચાઉ વિભાગીય કચેરીના સસ્પેન્સ રજીસ્ટરની ચકાસણી કરતા મેસર્સ ઓસ્વાલ એગ્રો ઈમ્પેક્ષ પ્રા.લી. દ્વારા ડેવલપમેન્ટ ચાર્જ તરીકે રૂા ૧,૧૫,૦૦૦/– ની રસીદ નં. ૮૭૭૭૯૭ તા.૩૧–૧–૨૦૦૬ થી ભરપાઈ કરવામાં આવેલ હોવાનું જણાતા ડેવલપમેન્ટ ચાર્જ તરીકે ભરપાઈ થયેલ રકમ રૂા ૩,૧૫,૦૦૦/– ના ૫૦ % લેખે ગણતરી કરી રૂા ૧,૫૭,૫૦૦/– અરજદાર/ગ્રાહકના ફેબ્રુઆરી–૨૦૨૦ ના બિલમાં જમાં આપેલ અને ભચાઉ વિભાગીય કચેરીનું અંજાર વિભાગીય કચેરીમાંથી વિભાજન વર્ષ – ૨૦૧૧ માં વિભાજન થયેલ હોઈ વર્ષ – ૨૦૧૦ નો રેકોર્ડ અંજાર વિભાગીય કચેરી પાસેથી મંગાવતા જે મુજબ ડેવલપમેન્ટ ચાર્જની રકમ અરજદાર/ગ્રાહકને જમાં આપી દીધેલ છે તેમજ તા.૧–૭–૨૦૧૦ ના રોજ અંજાર વિભાગીય કચેરી હેઠળ અરજદાર/ગ્રાહકનું નામ ઓસવાલ એંગ્લોઈમ્પેક્ષ લી. માંથી મેસર્સ પ્લાસ્ટન ઈન્ડીયા લી. થયેલ તે સમયે ઓસવાલ એંગ્લોઈમ્પેક્ષ લી. દ્વારા એસ.ડી.અને ડેવલપમેન્ટ ચાર્જની બાંહેધરી આપેલ છે તેમ છતા સામાવાળાની કચેરી મારફતે અરજદાર/ગ્રાહકે યોગ્ય આધાર/પુરાવા રજુ કરવા માટે જાણ કરેલ હોવા છતાં કોઈપણ પુરાવા રજુ કરવામાં આવેલ ન હોઈ સદર વીજ જોડાણના લોડ ડેવલપમેન્ટ

ચાર્જની રકમ પરત(રીફંડ) આપી શકાયેલ નથી. આમ બન્ને પક્ષકારોની રજુઆતો જોતા અરજદાર તરફથી પીજીવીસીએલ કંપનીમાં ભરપાઈ કરેલ રકમ અન્વયેની ઓરીજનલ રસીદ રજુ કરવા જણાવેલ તેમ છતા અરજદાર તરફથી ઓરીઝનલ રસીદ રજુ ન થતા અરજદારે સદર રીફંડ માંગેલ રકમ અગાઉ ભરપાઈ થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં તેમજ અગાઉના ગ્રાહકને તેના વિજ બિલમાં આ રકમ પરિપત્ર મુજબ જમાં મળેલ નથી તેવું સાબીત કરવા બાબતે અરજદાર સફળ રહેલ ન હોઈ પીજીવીસીએલ કંપની તરફથી અરજદારની માંગણી મુજબની ૫૦ % રકમ ચુકવી શકાયેલ ન હોઈ પીજીવીસીએલ કંપનીની કોઈ કસુર જણાતી ન હોઈ મુદ્દા નંબર – ૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે. આથી આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૨૪/૯/૨૦૨૧ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(સી.વી.ઠાકર)
ચેરપર્સન

***ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ–કચ્છ.***

નોંધઃ

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ – ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો – ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબિતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં.૩,પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫, ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯